**વડીલોને વંદન**
**અભિનંદન**



વિજયકુમાર વિ. પ્રજાપતિ
(૧૯૪૦)ફોન: ૨૩૨૨૫૬૫૫



ચંપકલાલ સી. શાહ
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૯૬૯૮



ભગવાનભાઈ ટી. પટેલ
(૧૯૪૧)ફોન: ૨૩૨૨૫૦૦૭

# પાલજના ખેડૂતની કરોડોની જમીન હડપ કરી લેવાનો કારસો

## ખોટો ખેડૂત ઉભો કરીને પાવર ઓફ એટર્ની બનાવી લીધી : ચાર શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ : એલ.સી.બી.એ તપાસ આરંભી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર પાસેના પાલજ ગામમાં રહેતા ખેડૂતની આઠ વિઘા જમીનને ચાર જણાએ મળીને ખોટા દસ્તાવેજો બનાવી પાવર ઓફ એટર્ની તૈયાર કરી દઈ કરોડોની કિંમતની પાલજની આ જમીન વેચી મારવાની ગતિવિધિ કરી રહ્યા હતા. દરમ્યાન ખેડૂતના ઘરે નોટીસ જતાં સમગ્ર કોંભાંડનો ભાંડો ફુટ્યો છે. આ મામલે ૩ મહિના બાદ ખેડૂતની ફરીયાદને આધારે ચાર શખ્સો વિરૂદ્ધ ગાંધીનગર એલ.સી.બી.એ ગુનો નોંધી એલ.સી.બી. પી.એસ.આઈ. વાય. જે. રાઠોડે વધુ તપાસ ચલાવી છે.

પાલજ ગામની સર્વે નં. ૫૩૪ વાલી ૮ વિઘા જમીન પાલજમાં રહેતા નરેશસિંહ અમરસિંહ બિહોલા નામના ખેડૂતની છે. આ કરોડોની જમીનની ૩૫/બી ની નોટીસ ખેડૂતોના ઘરે એકાએક આવતા તેઓ ચોંકી ગયા હતા. ૩૫/બીની નોટીસ ખેતરના દસ્તાવેજી રેકર્ડમાં નોંધ પડે તે પહેલા ખેડૂતના ઘરે પહેંચાડવામાં આવતી હોય છે. આ નોટીસ ઘરે અચાનક આવતા ખેડૂત નરેશસિંહ ચોંકી ઉઠ્યા હતા. તેમણે પોતાની જમીન વેચવાનું વિચાર્યું પણ નથી. તો આ નોટીસ આવી કેવી રીતે ? તપાસ કરતાં બહાર આવ્યું કે ચાર શખ્સોએ મળીને તેમની જમીન હડપ કરી લેવાનું કૌભાંડ આચર્યું હતું. ઈન્દ્રોડાના નિકુલ નટાજી ગોહીલ, ચાંદખેડાના શૈલેષ મીઠાભાઈ પટેલ, સતીષ અને અમિયાપુરના દિનેસ સંદેશા નામના ચાર શખ્સોએ મળીને ખેડૂત નરેશસિંહના નામનો ખોટો ખેડૂત ઉભો કરીને દિનેશ સંદેશાના નામે પાવર ઓફ એટર્ની કરીને વેચવાનું કૌભાંડ જોતી દેવામાં આવ્યું હતું. આ મામલે નરેશસિંહે ચારેય વિરૂદ્ધ ફરીયાદ આપતા ગાંધીનગર એલ.સી.બી.એ ગુનાની તપાસ શરૂ કરી છે.




# દેશમાં સૌથી વધુ 'સૂપર રીચ' ગુજરાતમાં

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કદાચ આ ગૌરવ લઈ શકશે પણ કેન્દ્રની યુપીએ સરકારના નાણાંમંત્રી પી. ચિદમ્બરમ મોદીના આ દાવા પર સ્મિત કરતા હશે હાલમાં જ રજુ થયેલા કેન્દ્રીય બજેટમાં નાણાંમંત્રીએ સુપર રીચ સરચાર્જ લાદ્યો છે. જે રૂ. ૧ કરોડ કે તેથી વરુ કમાતા લોકોને અસર કરશે તો ગુજરાતીઓ પ્રથમ ક્રમે હશે દેશમાં રૂ. ૧ કરોડ કે તેથી વધુ આવક ધરાવતા ૪૨૮૦૦ લોકો છે જે ગણતરી આવકવેરા રીટર્નમાં તેઓએ દર્શાવી આવકના આધારે કરાઈ છે. તેમાં ૯.૩૪ ટકા ગુજરાતી છે. એટલે કે એકલા ગુજરાતમાં જ ૪૦૦૦ કરોડપતિ છે જે આ સુપર રીચમાં આવશે અને નાણામંત્રાલય માને છે કે ખરેખર તો કરોડપતિ ગુજરાતીઓની સંખ્યા તેનાથી પણ વધુ છે. વાસ્તવમાં નામામંત્રાલયનું અનુમાન છે કે ૮૦૦૦ ગુજરાતીઓ-વ્યક્તિગત એચયુએફ તથા ફર્મ ખેચી છે. જે સુપર રીચ કેટેગરીમાં આવી શકે છે દેશની કુલ વસતિમાં ગુજરાતની વસતિ ૫ ટકા છે. પણ સંપતિ કમાણીની દષ્ટીએ ગુજરાતી નંબર વન છે નાણાંમંત્રીએ તેમના બજેટ ભાષણમાં કહ્યું કે જેઓ વધુ કમાય છે તેઓએ વધુ ટેક્ષ આપવા તૈયાર રહેવું પડશે ગુજરાતમાં હજુ ફક્ત ૪૦૦૦ લોકોએ જ રૂ. ૧ કરોડ કે તેથી વધુની આવક દર્શાવી છે પણ આવકવેરા વિભાગ વધારાના ૮૦૦૦ લોકોને પણ તેમાં સમાવવા માગે છે.

ગુજરાતમાં કુલ ૨૯.૮૨ લાખ કરદાતા છે જે દેસના કુલ ૩૨૩.૫૪ લાખ કરદાતાના ૯.૨ ટકા છે પણ આવકવેરા અધિકારી માને છે કે ગુજરાતમાં હજુ આવકવેરા ભરી શકે તેવા લોકોની સેવા ઉંચી છે. જેઓ વાસ્તવમાં રીટર્ન ફાઈલ કરતા નથી. ગુજરાતની ૨૦૦૬-૭માં માથાદીઠ આવક રૂ. ૪૩૩૯૪ હતી. જે ૨૦૧૧-૧૨માં ૨૮૯૬૬૮ થઈ છે. ગુજરાતમાં ૨૯.૮૨ લાખ કરદાતાઓ રૂ. ૮૦૨૦ કરોડનો ટેક્સ ભરે છે. જે સરેરાશ રૂ. ૨૯૯૧૨ છે. જ્યારે રાષ્ટ્રીય સરેરાશ રૂ. ૪૯૩૩૭ છે. આમ ગુજરાતની માથાદીઠ કર ચુકવણી અડધી જ છે. ગુજરાતમાં રીટર્ન ફાઈલ કરનારાઓમાં ૧૫ ટકા એવા છે જે નીલ રીટર્ન ફાઈલ કરે છે.

# બિન સરકારી સંકલ્પના વિરોધમાં વિપક્ષનો સભા ત્યાગ

ગાંધીનગર, તા.૧૪

ભાજપના સભ્ય દ્વારા લાવવામાં આવેલ બિન સરકારી સંકલ્પને વિધાનસભાગૃહમાં દાખલ ન કરવા વિપક્ષની માંગણીનો અધ્યક્ષે અસ્વીકાર કરતાં વિપક્ષના સભ્યોએ વિરોધ વ્યકત કરીને ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતાં.

વિધાનસભાગૃહમાં આજે ભાજપના સભ્ય સંજયકુમાર પટેલ દ્વારા એક બિન સરકારી સંકલ્પ લાવવામાં આવ્યો હતો. આ બિન સરકારી સંકલ્પ ગૃહમાં દાખલ કરીને તેના પર ચર્ચા હાથ ધરવામાં આવે તે પહેલાં જ વિપક્ષના દંડક બલવંતસિંહ રાજપુતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને આ બિન સરકારી સંકલ્પ કેન્દ્ર સરકારની સતત ટીકા કરતો હોવાની અને આ માટે જ આ સંકલ્પ લાવવામાં આવ્યો હોવાની રજુઆત કરીને આ સંકલ્પ દાખલ ન કરવાની માંગણી કરી હતી.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘલાએ પણ બલવંતસિંહ ના પોઈન્ટ ઓફ ઓર્ડરને સમર્થન આપતા વિરોધ નોંધાવ્યો હતો.

રાજયના કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ એવું જણાવ્યું હતું કે બિન સરકારી સંકલ્પ અધ્યક્ષે મંજુરી આપી હોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ન શકાય.

અધ્યક્ષ વજુભાઈએ વિપક્ષના દંડકનો પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય ન રાખતાં બિન સરકારી સંકલ્પ દાખલ કરીને ચર્ચા હાથ ધરવાનો આદેશ આપતાં વિપક્ષના સભ્યોએ ગૃહમાં વિરોધ વ્યકત કરીને હોબાળો મચાવી દીધો હતો. વિપક્ષના કેટલાક સભ્યોએ ગૃહમાં બિન સરકારી સંકલ્પના લીરા ઉડાડીને ગૃહમાં ફેંકયા હતા અને ગૃહમાંથી વોક આઉટ કરી ગયા હતાં. ગૃહમાંથી વોકઆઉટ કર્યા બાદ વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો.

## રાજયમાં નવી ૩ એ.આર.ટી.ઓ. કચેરી કાર્યરત થશે : નીતિનભાઈ

ગુજરાતમાં સો ટકા આદિવાસી વસતી ધરાવતાં ડાંગ જિલ્લામાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે ૨૬મી જાન્યુઆરીએ નવી આર.ટી.ઓ. કચેરીનો શુભારંભ કર્યો. જીજે-૩૦ના કોડ નંબર સાથે શરૂ થયેલી આ આર.ટી.ઓ. કચેરીમાં માત્ર દોઢ મહિનામાં જ ૨૫૫ જેટલા નવા વાહનોનું રજીસ્ટ્રેશન થયું અને ૩૦૦ જેટલા આદિવાસી યુવક-યુવતીઓને લર્નીંગ લાયસન્સ આપવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

વાહન વ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભાગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન અમદાવાદના અસારવા વિસ્તારના ધારાસભ્યશ્રી રજનીકાન્તભાઈ પટેલના પ્રશ્નનો જવાબ આપતા વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩-૧૪માં સુરતના પાલ વિસ્તારમાં, વડોદરાના દરજીપુરામાં અને અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં બાવળા ખાતે નવી એ.આર.ટી.ઓ. કચેરી શરુ કરવાનું આયોજન છે. નવી કચેરીઓમાં આવશયકતા પ્રમાણે સ્ટાફની ભરતી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

# પાંચ વર્ષથી નાના બાળકોને ધોરણ ૧માં પ્રવેશ નહી મળે

અમદાવાદ, તા.૧૪

રાજયમાં અત્યારે પરીક્ષા માહોલ ચાલી રહ્યો છે જેની સાથે સાથે તંત્ર દ્વારા આગામી શૈક્ષણિક સત્રની તૈયારીઓનો પણ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આગામી શૈક્ષણિક સત્ર માટે શાળાઓ દ્વારા પ્રવેશ ફાળવવાનો પણ પ્રારંભ કરી દેવાયો છે જેમાં ધોરણ ૧ના ઘણાખરા વિદ્યાર્થીઓને પ્રવેશ પણ ફાળવી દીધો છે. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ જારી કરાયો છે કે આગામી શૈક્ષણિક વર્ષમાં પહેલી જૂન સુધી પાંચ વર્ષ પૂરા થતા હોય તેવાજ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકાશે. જેથી એક દિવસ પણ નાની ઉંમર હસે તો બળકને પ્રવેશ ફાળવવો નહીં. શિક્ષણ વિભાગના આ આદેશના પગલે બાળકોને પહેલેથી પ્રવેશ ફાલવીને બેઠક શાળાઓએ પોતાની પ્રવેશ યાદી રિફલિંગ કરવી પડશે એ જે બાળકોનું ઉત્તર પહેલી જૂન સુધી પાંચ વર્ષ નતી થતી તેમનો પ્રવેશ રદ કરવો પડશે. જેના કારણે ધોરણ ૧માં પ્રવેશ મામલે આગામી સમયમાં શાળાઓમાં અફરાતફરી સર્જાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકે ધોરણ ૧માં પ્રવેશ માટે પહેલી જૂન સુધીમાં પાંચ વર્ષ પૂર્ણ થતા હોય તેવા વિદ્યાર્થીઓને આપવાનો પરિપત્ર જાહેર કર્યો છે. જેથી શાળાઓ પાંચ વર્ષ પૂરા થતાં ન હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહીં. ઉલ્લેખનીય છે કે આગામી જૂન ૨૦૧૩ની ધોરમ ૧નું શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ માટે મોટાભાગની શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ પણ આપી દીધો છે. જેથી તેમાથી પાંચ વર્ષથી નાની ઉંમર ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ રદ્દ કરવા સુધીની કાર્યવાહી કરવી પડશે. આ માટે શાળાઓએ પ્રવેશ પાળી રિશફલિંગ કરવી પડશે. અને કેટલાક વિદ્યાર્થીઓ ડ્રોપ કરવા પડશે.

આ અંગે અમદાવાદના ડીપીઈઓ એમએન જાનીએ જણાવ્યું હતુ કે ધોરણ ૧ના પહેલી જૂન સુધી પાંચ વર્ષ પર્ણ કરનાર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપી શકાશે. પહેલી જન સુધી પાંચ વર્ષ પૂરા ન થતા હોય તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવામાં આવશે. આ માટે નિરીક્ષકોની એક ટીમ દરેક શાળામાં તપાસ કરશે અને જો કોઈ શાળાએ પાંચ વર્ષ પૂરા ન થતા હોય તેવા વિદ્યાર્થીને પ્રવેશ આપ્યો હશે એ તેને રદ નહી કર્યો હોય તો શાળા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ કાયદામાં પણ પહેલી જન સુધી પાંચ વર્ષ પૂરા થતા હોય તેવા વિદ્યાર્થીઓને જ ધોરણ ૧માં પ્રવેશ આપવો તેવી જોગવાઈ છે.

## શાળા-આરોગ્ય માટે

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

**હૃદય કિડની અને કેન્સર જેવી ગંભીર બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટી. ઓફ કાર્ડિયોલોજી, કીડની હોસ્પિટલ અને એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ છે.**

**ભાજપનાશ્રી અશોક પટેલે પુછેલા એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે ધો. ૧ થી શરૂ કરીને ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ, આંગણવાડીના બાળકો તેમજ શાળાએ ન જતા બાળકોને પણ આવરી લેવામાં આવે છે.**

**તેમણે જણાવ્યું હતું કે શાળા-આરોગ્યની આ ચકાસણી પાછળ લગભગ સાતેક કરોડ રૂ. જેટલો ખર્ચ થતો હોય છે. જે બાળકો રોગથી પીડાતા મળી આવે છે તેમનો ૧૦૦ ટકા ખર્ચ સારવારનો રાજ્ય સરકાર ભોગવે છે અને ગયા વર્ષે રૂ. ૧૬ કરોડની ફાળવણી આ માટે જિલ્લાને કરવામાં આવી હતી.**

**શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન જે બાળકો મળી આવે છે તે બધાને સારવાર આપવામાં આવે છે તેમ પણ કોંગીના શ્રી શૈલેષ પરમારના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું.**

**તેમણે જણાવ્યું હતું કે સ્વસ્થ સમાજ અને સુદ્દઢ આવતીકાલના નિર્માણ માટે સરકાર કટિબદ્ધ છે અને તે રીતે આયોજન કરવામાં આવી જ રહ્યા છે.**

## શબ્દાવલી - ૫૦૦૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ■ | | ■ | ૬ | ૭ | | | ■ |
| ■ | ૮ | | | | ■ | ૯ | |
| ૧૦ | | ■ | ■ | ૧૧ | ૧૨ | | ■ |
| | ■ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ |
| | ■ | ૧૭ | | ૧૮ | ■ | ■ | |
| ■ | ૧૯ | ■ | ■ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | | |

### આડી ચાવી

૧. શુભ શરૂઆત (૪)
૪. વેચાણ, ખપવું તે (૩)
૬. થયેલ નુકશાનને પહોંચી વળવા મળતી રકમ (૪)
૮. શાલીન હોવું તે, ... નો ગુણ (૪)
૯. વટવૃક્ષ, .... નું ઝાડ (૨)
૧૦. ... પછીનો દિવસ ધૂળેટી હોય (૨)
૧૧. વૈતરણી (૩)
૧૩. એક પોશાક (૨)
૧૫. જરી ભરત જેવું વર્ક (૩)
૧૭. દૂર્યોધનના મામા (૩)
૨૦. .... કરવી, વાતને બહુ ફેલાવવી (૨)
૨૧. શરમ, મર્યાદા (૨)
૨૨. પાવન કરનાર (૫)

### ઊભી ચાવી

૨. ભાગ્યવાન, નશીબદાર (૪)
૩. મહેલ, મોટું નિવાસ સ્થાન (૪)
૪. પત્ર, કાગળ (૨)
૫. ગુજરાન (૫)
૭. "વેતાળ" શબ્દ આડો અળળો (૩)
૧૦. ... મચાવવો, હોહા કરવી (૩)
૧૨. મોકો, લાગ (૨)
૧૩. મડદું (૨)
૧૪. છરી, ચપ્પુ (૨)
૧૬. ગુરૂગોવિંદ દોનો ખડે કિસ કો લાગુ પાય... ગુરૂ આપકી... (૪)
૧૮. ... કરવો, નિભાવવું (૩)
૧૯. વિદ્યુત (૨)
૨૦. દિશાસૂચક સાધન... યંત્ર (૨)

### શબ્દાવલી ૫૦૦૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અજ્ઞાતવાસ (૩) મન (૫) હુલ્લડ (૬) એકાએક (૮) નાઈ (૧૦) પરમવીર (૧૨) લજ્જા (૧૩) કામ (૧૪) ચલણ (૧૬) માહીર (૧૭) રામ (૧૮) મહાનતા (૧૯) વીજળી

**ઊભી ચાવી :-** (૧) અભ્યર્થના (૨) વાઢકાપ (૩) મલ્લ (૪) નડતર (૫) હુકમ (૭) એકકુલર (૯) ઈલમ (૧૧) વીક (૧૩) કાસમ (૧૪) ચહીતા (૧૫) કામળી (૧૬) માન (૧૭) રાજ

# અમિત શાહની અરજી પર સુપ્રીમનો ચુકાદો અનામત

નવી દિલ્હી, તા.૧૪

સુપ્રીમ કોર્ટે સનસનાટીપૂર્ણ તુલસીરામ પ્રજાપતિ કેસમાં સીબીઆઈ દ્વારા અલગરીતે ચાર્જશીટ દાખલ કરવાને પડકાર ફેંકીને ભૂતપૂર્વ ગૃહરાજ્ય પ્રધાન અમિતશાહ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. પ્રજાપતિ ૨૮મી ડિસેમ્બર ૨૦૦૬ના દિવસે પોલીસ અથડામણમાં માર્યો ગયો હતો. તુલસીરામ પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટર કેસને લઈને ભારે રાજકીય ગરમી પહેલાથી જ રહી છે. જસ્ટિસ પી સથાશિવમ અને જસ્ટિસ બીએસ ચૌહાણની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે વરિષ્ઠ વકિલ મહેશ જેઠમલાણી દ્વારા તીવ્ર રજુઆતો કરાયા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો.

મહેશ જેઠમલાણી અમિત શાહ તરફથી ઉપસ્થિત થયા હતા. બીજીબાજુ સીબીઆઈનું પ્રતિનિધિત્વ એડિશનલ સોલિસિટર જનરલ હરિન રાવલે કર્યુ હતુ. અમિત શાહે એવી રજુઆત કરી હતી કે પ્રજાપતિ કેસમાં ચાર્જશીટ સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં પુરક ચાર્જશીટ હોઈ શકે છે કારણ કે એક જ ગુનાના ભાગરૂપે બંનેના મોત થયા હતા. ૨૬મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે ગુજરાત પોલીસ દ્વારા બનાવટી એન્કાઉન્ટર દ્વારા સોહરાબુદ્દીનને ઠાર મારી દેવામાં આવ્યો હતો.

અમિતશાહ તરફથી ધારદાર રજુઆતો કરવામાં આવી હતી. ૧૮મી ઓકટોબર ૨૦૧૨ના દિવસે સુપ્રીમ કોર્ટે પ્રજાપતિ કેસમાં અમદાવાદ સીબીઆઈ કોર્ટ સમક્ષ અમિત શાહ સામે તમામ કાર્યવાહી પર સ્ટે મુકયો હતો.

# ઉનાળામાં પાણીજન્ય રોગો અટકાવવા માટે બેઠક મળી

અમદાવાદ, તા.૧૪

ઉનાળામાં વધતાં પાણીજન્ય રોગોના કેસો અટકાવવા માટે દર વર્ષની જેમ આ વખતે પણ પ્રિ-મોન્સુન એકશન પ્લાન અંતર્ગત મ્યુનિ. કોર્પોરેશનમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આ બેઠકમાં કેલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે અને નીચે મુજબના પગલા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બરફ બનાવતી ફેકટરી, પેકેજ્ડ ડ્રીકીંગ વોટરના યુનિટોનું ખાસ ચેકીંગ હાથ ધરવામાં આવશે તથા પાણીના નમુનાઓ લેવા અને અનફીટ જણાય તો તેવા ધંધાઓ તાત્કાલીક બંધ કરવા સુધીના પગલાં લેવામાં આવશે. પાણીપુરી, કુલ્ફી, ગોળા વગેરે બનાવી વેચાણ કરતા ધંધાર્થીઓ દ્વારા ખાદ્ય પદાર્થ બિન આરોગ્યપ્રદ વાતાવરણમાં રાખવામાં આવતો હોઈ તેમજ વપરાશની વસ્તુઓ આરોગ્યપ્રદ રહે તે હેતુસર આ અંગેની ખાસ ઝુંબેશ હાથ ધરી કડક પગલાં ભરવામાં આવશે. તેમજ ખાદ્ય પદાર્થના નમુના લેવાની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવશે.

રસ્તા ઉપર દબાણ કરી મંડપ બાંધીને વેચાણ કરતા કેરીના જ્યુસ, બરફ તથા કાપેલા ફળો વેચતા ધંધાર્થીઓ સામે હેલ્થ અને એસ્ટેટ વિભાગની સંયુક્ત ટીમ બનાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. હાઈરસ્ક એરિયામાં નિષ્ણાંત ટીમો દ્વારા સ્વૈ. સંસ્થાના સહયોગથી મહિલાઓ માટે આરોગ્ય શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવશે. તમામ મ્યુનિ. હોસ્પિટલોમાં આવા રોગો માટેની જરૂરી દવાઓ તતા સારવારની પુરતી વ્યવસ્તા કરવામાં આવશે. મ્યુનિ. પાણીના સપ્લાયમાં ક્લોરીનેશન ટેસ્ટ તથા પાણીના નમુના લેવાની કામગીરી ઘનિષ્ઠ કરવામાં આવશે તેમજ પાણીમાં પ્રદુષણ અંગેની ફરિયાદનો તાત્કાલીક નિકલ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

## ૧૭મીએ ભાજપની એક દિનની પ્રદેશ મિટિંગ થશે

અમદાવાદ, તા.૧૪

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટીની ચાલી રહેલી સંગઠન સંરચનાના કાર્યની સમીક્ષા અને માર્ગદર્શન માટે ભાજપની પ્રદેશ બેઠક સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર ખાતે ૧૭ માર્ચના રોજ પ્રદેશ પ્રમુખ આરસી ફળદુની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા સાંસદ પરશોત્તમ રૂપાલા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. પ્રદેશ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના છ એપ્રિલના સ્થાપના દિવસના કાર્યક્રમોને તેમજ સંગઠન સંરચનાના આગામી કાર્યક્રમને પણ આખરી ઓપ આપવામાં આવશે.

પ્રદેશ બેઠકમાં ભાજપના પ્રદેશ હોદેદારો, મોરચાઓના પ્રદેશ પ્રમુખશ્રીઓ સંગઠન પર્વના પ્રદેશ ઈન્ચાર્જ અને ઝોન ઈન્ચાર્જ, જિલ્લા ઈન્ચાર્જ, જિલ્લા પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લા સંરચના નિરીક્ષક અને જિલ્લા સંરચના અધિકારી ઉપસ્તિત રહેશે.

# પાંચ સામે રિમાન્ડ રિવિઝનલ પર૧૬મી માર્ચે ચુકાદો જાહેર

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સિરીયલ બ્લાસ્ટ કેસ અંતર્ગત સજા પામેલા અને સાબરમતી જેલમાં સુરંગ કાંડમાં સંડોવાયેલા પાંચ આરોપીઓના રિમાન્ડ મેળવવા શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા દાખલ કરેલ રિવિઝનલ અરજીની આજરોજ સિટીસિવિલ સેશન્સ કોર્ટમાં સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. આ રિમાન્ડ અંગેની રિવીઝનલ અરજીનો ચુકાદો ૧૬મી માર્ચે આવશે.દેશભરમાં ચકચાર જગાવનાર રાજયની હાઈસિક્યુરીટી સાબરમતી જેલમાં સુરંગ ખોદી ભાગવાના આરોપસર પકડાયેલા પાંચ આરોપીઓ હાફીઝ હુસૈન તાજુદ્દીન મુલ્લા, શીવલી અબ્દુલ કરીમ, સાદુલી અબ્દુલ કરીમ, નસીર અહેમદ લિયાકત્લી, જાહીદ કુત્બુદીન શેખની શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી રિમાન્ડ અર્થે મેટ્રોકોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં મેટ્રોકોર્ટે આરોપીઓના રિમાન્ડ ના મંજૂર કર્યા હતા. ત્યારબાદ શહેર ક્રાઈમ બ્રાંચે રિમાન્ડ મેળવવા સિટીસિવિલ સેશન્સ કોર્ટમાં રિવીઝનલ અરજી કરી હતી. આજરોજ બન્ને પક્ષોના વકીલોની દલીલો પૂર્ણ થઈ ગઈ છે.

સરકારી વકીલે રિમાન્ડ આપવા દલીલ કરતાં કહ્યું હતું કે, આરોપીઓ સામે ગંભીર પ્રકારનો ગુનો છે. તેમજ કેસની વધુ તપાસ જરૂરી હોવાથી તેમજ તપાસના નિષ્કર્શ સુધી પહોંચવા રિમાન્ડ જરૂરી છે તેથી આ પાંચેય આરોપીઓના રિમાન્ડ મળવા જોઈએ.કોર્ટે બન્ને પક્ષોની દલીલો સાંભળી રિમાન્ડ અર્થેની રિવીઝનલ અરજીનો ૧૬મી માર્ચે ચુકાદો આપવાનો હુકમ કર્યો છે.

**ટચૂકડી જાહેર ખબર**
**વેચવાનો છે**
ડી-૪૦૪, ચોથો માળ, પ્રમુખ એક્ઝોટીકા, ઈન્ફોસીટી પાછળ, કુડાસણ રોડ, ગાંધીનગર
**સંપર્ક : ૯૬૩૮૪૪૮૪૪૮**

## ટેન્ડર નોટીસ

અખિલ ભારતીય શાળાકીય વોલીબોલ અન્ડર-૧૭ વર્ષ ૨૦૧૨-૧૩ ગુજરાત અંતર્ગત ગાંધીનગર (ગુજરાત) ખાતે યોજનાર રાષ્ટ્રીયકક્ષાની રમતમાં ભાગ લેવા આવતા ખેલાડીઓને નાસ્તો તથા ભોજન માટે કેટરીંગનો સ્થાનિક કોન્ટ્રાક્ટ આપવાનો થાય છે. ભોજનનું મેનુ તથા શરતો સાથેનું ટેન્ડર ફોર્મ પુરવઠા શાખા, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે તા. ૨૨/૩/૨૦૧૩ સુધીમાં રૂ. ૨૦૦/- રોકડા (નોન ટ્રાન્સફરેબલ) ભર્યેથી સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધીમાં મળશે અને ભરેલા ફોર્મ ઉક્ત સરનામે બંધ કવરમાં તા. ૨૫/૩/૨૦૧૩ના રોજ બપોરે ૧૫-૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે. અત્રે રજૂ થયેલા ટેન્ડર તા. ૨૫/૩/૨૦૧૩ના રોજ ૧૬-૦૦ કલાકે પુરવઠા શાખા, કલેકટર કચેરી, બીજો માળ, ગાંધીનગર ખાતે હાજર રહેલપાર્ટીઓની હાજરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર સ્વીકારવા / ન સ્વીકારવા અંગેનો આખરી નિર્ણય નીચે સહી કરનારનો રહેશે.

તા. ૧૪/૩/૨૦૧૩
સ્થ : ગાંધીનગર

સહી/-
**અધ્યક્ષશ્રી**
અખિલ ભારતીય શાળાકીય વોલીબોલ સ્પર્ધા
ફુડ કમિટિ અને
જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર

માહિતી/૨૪૪૬/૧૨-૧૩